# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-11-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રાઝિલના રિયો – ડી જાનેરોમાં જી20 શિખર સંમેલનમાં ભાગ લેશે
- મહારાષ્ટ્રની તમામ અને ઝારખંડ વિધાનસભામાં બીજા તબક્કાની બેઠકોમાટે પ્રચારનો આજે અંતિમ દિવસ
- આયુષ્માન વય વંદના કાર્ડ અંતર્ગત 10 લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોની નોંધણી સાથે નવું સીમાચિહ્ન હાંસલ કર્યું
- દિલ્હીમાં હવાની ગુણવત્તા અત્યંત જોખમી સ્તરે, GRAP – 3ના અમલમાં વિલંબને લઈને સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને ફટકાર લગાવી
- અને તિરંદાજીમાં વર્તમાન એશિયન ગેમ્સ ચેમ્પિયન જ્યોતિ સુરેખા વેન્નમે લક્સમબર્ગમાં જીટી ઓપનમાં સુવર્ણચંદ્રક જીત્યો

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM IN BRAZIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19માં જી-20 શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આજે બ્રાઝિલના રિયો ડી જાનેરો પહોંચ્યા છે. બ્રાઝિલમાં ભારતના રાજદૂત સુરેશ રેડ્ડીની આગેવાની હેઠળનાં પ્રતિનિધિમંડળે શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રાઝિલમાં

સંસ્કૃત મંત્રોનાં ઉચ્ચારણ સાથે પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભારતીય સમુદાયના લોકોએ પણ શ્રી મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બ્રાઝિલ આવતા પહેલાં પ્રધાનમંત્રીએ નાઇજિરીયાની મુલાકાત પૂર્ણ કરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં જી20 શિખર સંમેલનમાં વિશ્વના ટોચનાં નેતાઓ સાથે મુલાકાત પણ કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડેન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ આ બે દિવસીય સંમેલનમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મોદી વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતની સ્થિતિ રજૂ કરશે, ઉપરાંત જી20ના ગત વર્ષે નવી દિલ્હીમાં મળેલા શિખર સંમેલનમાં ચર્ચા કરાયેલા મુદ્દાઓ અને તેની પ્રગતિ અંગેની ચર્ચા પણ કરશે.

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતની મુલાકાતે આવશે. ગાંધીનગરના સાંસદ શ્રી શાહ આજે સાંજે સાત વાગે ઓગણજ પાસેના એક ફાર્મ ખાતે ઘાટલોડિયા વિધાનસભા સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી ખાતે સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમમાં હાજરી આપશે..

## JHARKHAND-MAHARASHTRA ELECTION:

ઝારખંડ વિધાનસભાની બીજા તબકકાની અને મહારાષ્ટ્રની એક તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પૂરો થશે. બંને રાજયોમાં વિવિધ પક્ષના નેતાઓ દ્વારા પ્રચાર ચરમસીમાએ છે. કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા અમિત શાહ નવી મુંબઇમાં જાહેર સભા કરે તેવી શક્યતા છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા ત્રણ જાહેરસભાઓ સંબોધશે. તેઓ નવી મુંબઇમાં બેલાપુરમાં, સોલાપુરના અક્કલકોટમાં અને અહમદનગર જિલ્લાનાકારજાતમાં જાહેર સભાઓ સંબોધશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગોન્ડા

અને નાગપુરમાં જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા થાણે, સોલાપુર તેમજ અહમદનગરમાં ચૂંટણી સભા સંબોધશે.

જ્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં એક પત્રકાર પરિષદને સંબોધતા મહારાષ્ટ્રના યુવાનોને 5 લાખ નોકરીઓ મળી શકી હોત તેવા 7 લાખ કરોડ રૂપિયાના ઘણા પ્રોજેક્ટ અન્ય રાજ્યોને આપી દીધાનો સત્તારૂઢ મહાયુતિ સરકાર ઉપર આરોપ લગવ્યો હતો. શ્રી ગાંધીએ જણાવ્યું હતું કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં રોજગાર, મોંઘવારી, મહિલાઓના પ્રશ્નો અને મહારાષ્ટ્રની સંપત્તિ તેના લોકોને પરત મળે તે સુનિશ્ચિત કરવું એ મુખ્ય છે. NCP (SP)ના વડા શરદ પવાર પુણે અને અહિલ્યાનગરમાં તેમની પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે.

## AYUSHMAN HEALTH CARD

નવા શરૂ કરાયેલા આયુષ્માન વય વંદનાકાર્ડ અંતર્ગત 70 થી વધુ વયના 10 લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોની નોંધણી કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરાયું છે. આ કાર્ડ વૃદ્ધ નાગરિકોને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળમફત આરોગ્ય સંભાળના લાભો મેળવવા માટે સક્ષમ બનાવે છે. 29 ઓક્ટોબરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયાના ત્રણ અઠવાડિયાની અંદર જ આ સીમાચિન્હ હાંસલ કરવામાં આવ્યું હોવાનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું.

આયુષ્માન વયવંદના કાર્ડ હેઠળ 4 લાખ મહિલાઓએ નોંધણી કરાવી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 9કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અને 70 કે તેથી વધુ વયના 4 હજાર 800 થી વધુવરિષ્ઠ નાગરિકોને ફાયદો થયો છે, જેમાં 1,400 થી વધુ મહિલાઓનો સમાવેશ થાયછે. આ કાર્ડ કોરોનરી એન્જીયોપ્લાસ્ટી, હિપફ્રેક્ચર અને રિપ્લેસમેન્ટ, પિત્તાશય દૂર કરવા, મોતિયાની સર્જરી, પ્રોસ્ટેટ રીસેક્શન અને સ્ટ્રોકવગેરે સહિતની બિમારીઓની શ્રેણીને આવરી લે છે. આ પગલાનો હેતુ સાડા ચાર

કરોડ પરિવારોમાંથી અંદાજે 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને લાભ આપવાનો છે. આ વય જૂથના તમામ વરિષ્ઠ નાગરિકોને યોજનાના લાભો મેળવવા માટે ABPM-JAY હેઠળ એક નવું અને અલગ કાર્ડ પ્રાપ્ત થશે અને લાયક વરિષ્ઠ નાગરિકોને હોસ્પિટલોમાં મફત આરોગ્ય સારવાર માટે વિશિષ્ટ ઍક્સેસ પ્રદાન કરશે. આ કાર્ડ માટે આવકની કોઈ મર્યાદા નિશ્ચિત કરાઇ નથી.

# NEPAL-INDIA BORDER SECURITY

નેપાળના કાઠમંડુમાં આજે ભારત નેપાળ સરહદ સુરક્ષા સમન્વય અંગે ઉચ્ચ સ્તરીય બેઠક શરૂ થઈ છે. જે સોમવાર સુધી ચાલશે. આ બેઠકમાં સરહદ ઉપર ગુનાખોરી અને અન્ય દેશોના નાગરિકોના ગેરકાયદે પ્રવેશ અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. નેપાળે સરહદી વિસ્તારોમાં ગુનાખોરીને અંકુશમાં લેવા, આવકની ખોટ, નાર્કોટિક્સ અને માનવ તસ્કરીને નિયંત્રિત કરવા માટે માહિતીના આદાન-પ્રદાનની દરખાસ્તો રજૂ કરી છે. ભારતના સીમા સુરક્ષા દળના મહાનિર્દેશક અમૃત મોહન પ્રસાદે નેપાળના પ્રતિનિધિમંડળ સાથે ચર્ચા કરી હતી. આ બેઠકમાં સશસ્ત્ર પોલીસ દળોના વડા સહિત ઉચ્ચ સ્તરીય સુરક્ષા અધિકારીઓ, ગૃહ મંત્રાલય, રાષ્ટ્રીય તપાસ વિભાગ, સર્વે વિભાગ અને વિદેશ મંત્રાલયના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# DELHI AIR POLLUTION

હવા ગુણવત્તા વ્યવસ્થાપન પંચે રાજધાની દિલ્હીમાં આજથી GRAP – 3 એટલે કે ગ્રેડેડ રિસપોન્સ એક્શન પ્લાન અમલી બનાવ્યો છે. જે અંતર્ગત દિલ્હીમાં ભારે વાહનો આજ સવારથી પ્રતિબંધિત છે. જોકે જીવનજરૂરી ચીજવસ્તુઓ લઈ જતા ભારે વાહનોને રાજધાનીમાં પ્રવેશ છે. આ સાથે જ તમામ સીએનજી, ઇલેક્ટ્રિક અને BS-VI ડિઝલ ટ્રકને પણ પરવાનગી છે. ખાનગી અને સરકારી શાળાઓમાં શક્ય હોય ત્યાં ઓનલાઇન વર્ગોની જાહેરાત કરાઈ છે.

દરમિયાન સર્વોચ્ચ અદાલતે આ મામલે દિલ્હી સરકારને ફટકાર લગાવી હતી. દિલ્હીમાં હવા પ્રદૂષણને લઈને કરાયેલી અરજી પર સુનાવણી કરતા સર્વોચ્ચ અદાલતે GRAP – 3ના અમલમાં વિલંબ અંગે સવાલ પૂછ્યા હતા. ઉલ્લેખનીય છે કે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં આજે હવાની ગુણવત્તા 500 સૂચકાંકને નજીક પહોંચી છે. જેમાં દિલ્હીના બવાનામાં વિસ્તારમાં હવાની ગુણવત્તા સૂચકાંક પર 495, દિલ્હી વિમાન મથક અને પંજાબી બાગમાં 494, આનંદ વિહારમાં 487, વઝિરપુરમં 485 જ્યારે શાદીપુરમાં હવાનો ગુણવત્તા 475 નોંધાયો છે. હવામન વિભાગે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

## EX DD NEWS HEAD S M KHAN DEATH

ભારતીય માહિતી સેવા-IISનાવરિષ્ઠ અધિકારી અને ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડોક્ટર એપીજે અબ્દુલ કલામના પ્રેસ સેક્રેટરી શહજાદ મોહમ્મદ ખાનનું નવી દિલ્હીમાં અવસાન થયું છે. તેઓ 67 વર્ષના હતા. 1982નાં આઇઆઇએસ અધિકારી શ્રીખાને દૂરદર્શન ન્યૂઝના મહાનિદેશક તરીકે કાર્ય કર્યું હતું. તેમણે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-PIB, રજીસ્ટ્રાર ઓફ ન્યૂઝ પેપર ઉપરાંત માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિવિધ મિડિયા એકમોમાં પણ કાર્ય કર્યું હતું. તેમણે સીબીઆઇના પ્રવક્તા તરીકે પણ લાંબો સમય કામ કર્યું હતું.

## IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટવાની આગાહી કરી છે.

દરમિયાન આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, પશ્ચિમ આસામ, મેઘાલય અને બિહારના જુદા જુદા વિસ્તારોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. આ તરફ તમિલનાડુ, પુડુચેરી, કોડાઈકેનાલ, કેરળ તેમજ માહેરમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

## JYOTHISUREKHA - GOLD

તિરંદાજીમાં વર્તમાન એશિયન ગેમ્સ ચેમ્પિયન જ્યોતિ સુરેખા વેન્નમે લક્સમબર્ગમાં જીટી  ઓપનમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. જીટી ઓપનમાં પ્રથમ વાર સ્પર્ધા કરતા જ્યોતિએ સમગ્ર સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરીને ગઈ કાલે બેલ્જિયમમાં યોજાયેલી મેચમાં સારાહ પ્રિલ્સ સામે 147-145 થી વિજય મેળવ્યો હતો.

દરમિયાન, પુરુષોની સ્પર્ધામાં અભિષેકે રજત ચંદ્રક મેળવ્યો હતો. ફાઇનલ મેચમાં પૂરા 150 પોઇન્ટ મેળવ્યા છતાં તેઓ સુવર્ણ ચંદ્રક ચૂકી ગયા હતા. તેમનાં હરીફ અને ટોચના ખેલાડી નેધર્લેન્ડ્સના માઇક સ્કોલોસરે ફાઇનલમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

## ROHIT SHARMA

ક્રિકેટમાં, ભારતના ટેસ્ટ કેપ્ટન રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ નહીં રમી શકે. પર્થમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની આ બીજી મેચ 22 નવેમ્બરથી શરૂ થઈ રહી છે. રોહિત શર્માની હાજરમાં વાઇસ-કેપ્ટન જસપ્રિત બુમરાહ ટીમની આગેવાની કરશે.

અગાઉ, 2021-22માં ઇન્ગ્લેન્ડની ટુર દરમિયાન કોવિડને કારણે રોહિત શર્મા પાંચમી ટેસ્ટ ન રમી શકતાં બુમરાહે ભારતીય ટીમની આગેવાની કરી હતી.